*If you want to fly, We provide wings...*

ICE®

# TRENDING CURRENT

## TOPIC 01

## કરતારપુર કોરિડોરનું ઉદ્‌ઘાટન



- ચર્ચામાં શા માટે ?
- કરતારપુર કોરિડોર વિશે
- શ્રી ગુરૂનાનક વિશે


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


**TOPIC-01નો**
**વીડિયો જોવા માટે અહીં**
**CLICK કરો**

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહીં
CLICK કરો


અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in    t.me/icerajkotofficial    9375701110/9328001110

## ચર્ચામાં શા માટે ?

- 9 નવેમ્બર, 2019 ના રોજ ભારતના પ્રધાનમંત્રીશ્રી દ્વારા શ્રી કરતારપુર સાહિબ કોરિડોરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે.
- આ દરમયાન પંજાબના ગુરૂદાસપુરમાં આવેલ ડેરા બાબા નાનક પાસે એક 'ઈન્ટિગ્રેટેડ ચેક-પોસ્ટ'નું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. આ ચેક-પોસ્ટનો મુખ્ય હેતુ સરહદ સુરક્ષાનો છે.
- શ્રી કરતારપુર કોરિડોરના ઉદ્ઘાટન પ્રસંગે આશરે 562 લોકોની 'જાથા'એ પાકિસ્તાનમાં આવેલા શ્રી ગુરૂદ્વારા દરબાર સાહિબની મુલાકાત લીધી હતી. (ધાર્મિક યાત્રાળુઓના સમૂહને 'જાથા' કહે છે)

## કરતારપુર કોરિડોર વિશે :-

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- શ્રી કરતારપુર કોરિડોર એ ભારત-પાકિસ્તાનની સદરદ પર આવેલો એક કોરિડોર છે.
- આ કોરિડોર દ્વારા ભારતના શ્રી ડેરા બાબા નાનક સાહિબ અને પાકિસ્તાનના શ્રી ગુરૂદ્વારા દરબાર સાહિબને જોડવામાં આવ્યાં છે.
- આ બન્ને સ્થળો શીખ ધર્મના પ્રથમ ગુરૂ શ્રી ગુરૂ નાનકજી સાથે સંકળાયેલ છે અને શીખ ધર્મના લોકો માટે આ સ્થળો ખૂબજ પવિત્ર છે.
- શ્રી ડેરા બાબા નાનક સાહિબ એ ભારતના પંજાબ રાજ્યના ગુરૂદાસપુર જિલ્લામાં આવેલ છે, જયારે શ્રી ગુરૂદ્વારા દરબાર સાહિબ એ પાકિસ્તાનના પંજાબના નારોવલ જિલ્લાના કરતારપુર ગામમાં આવેલ છે.
- આ કોરિડોરનો ઉપયોગ ભારતીય નાગરિકો તથા ભારતીય મૂળના તથા OCI (Overseas Citizenship of India) કાર્ડ ધરાવતાં લોકો કરી શકે છે.
- આ કોરિડોરનો ઉપયોગ કરવા માટે હાલની પરિસ્થિતિ મુજબ કોઈ વિઝાની જરૂર પડતી નથી, પરંતુ પાકિસ્તાન સૈન્યના જણાવ્યાં પ્રમાણે યોગ્ય પાસપોર્ટ હોવો જરૂરી છે.

- પ્રધાનમંત્રીશ્રી એ કરતારપુર કોરિડોરના ઉદ્‌ઘાટનને ‘બર્લીનની દીવાલ’ તૂટવાના પ્રસંગ સાથે સરખાવ્યો છે તથા કહ્યું છે કે આ કોરિડોર દ્વારા બન્ને દેશો વચ્ચેના તણાવ ઓછાં થઈ શકે છે.

## શ્રી ગુરૂનાનક વિશે :-

- શ્રી ગુરૂનાનક એ શીખ ધર્મના સ્થાપક અને પ્રથમ ગુરૂ છે. શ્રી ગુરૂનાનકના જન્મની ઊજવણી કાર્તિક માસના પૂર્ણિમાના દિવસે કરવામાં આવે છે.
- 12 નવેમ્બર, 2019 એ શ્રી ગુરૂનાનકજીની 550મી જન્મ જયંતિ છે.
- શીખ ધર્મમાં પવિત્ર 10 શીખ ગુરૂઓના જન્મદિનને ‘ગુરૂપુરબ’ તરીકે ઓળખવામાં આવે છે.
- આથી શ્રી ગુરૂનાનકજીની આ 550મી જન્મજયંતિને ‘ગુરૂનાનક ગુરૂપુરબ’, ‘ગુરૂનાનક પ્રકાશ પર્વ’, ‘પ્રકાશ ગુરૂનાનક દેવજી’, જેવાં નામોથી પણ ઓળખવામાં આવે છે.
- આ પ્રકાશપર્વ દરમયાન વિવિધ ગુરૂદ્વારાઓમાં શીખ ધર્મના પવિત્ર પુસ્તક શ્રી ગુરૂગ્રંથ સાહિબનું સતત 48 કલાક સુધી વાંચન કરવામાં આવે છે જેને ‘અખંડ પાઠ’ પણ કહે છે.
- શ્રી ગુરૂનાનકજીનો જન્મ 29 નવેમ્બર, 1469ના તલવંડી અથવા તો રાય ભોઈની તલવંડી નામના ગામમાં થયો હતો. આ સ્થળ હાલ પાકિસ્તાનના પંજાબના નાનકાના સાહિબમાં આવેલું છે. શ્રી ગુરૂ નાનકજીનું અંતિમ વિશ્રામ સ્થળ કરતારપુર છે. જે પણ પાકિસ્તાનમાં જ આવેલું છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ:-** અમુક સંસ્થાઓ તથા લોકો દ્વારા 13 અથવા 14 એપ્રિલે એટલે કે વૈશાખીના દિવસે શ્રી ગુરૂનાનકજીની જન્મ જયંતિ ઊજવવામાં આવે છે, પરંતુ મોટાભાગે તેમની જન્મજયંતિ કાર્તિક પૂર્ણિમાના દિવસે જ ઊજવવામાં આવે છે.

GPSC 1/2, PI, PSI/CONSTABLE, S.T.I., Dy.SO, નાયબ મામલતદાર, બિનસચિવાલય કલાર્ક, તલાટી, TET, TAT વગેરે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક
ભારતની ભૂગોળ TO THE POINT & ગુજરાત તથા ભારત સરકારની યોજના
ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS
NOW AVAILABLE
Available at amazon

વધુ માહિતી માટે CALL 93753-01110

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT